ISSN: 2319-202X

# ભાષાશિક્ષણમાં નાટ્યકળાનો વર્ગખંડ અધ્યાપનમાં વિનિયોગ

**ડૉ. કલ્પેશ એચ. પાઠક**
પ્રિન્સિપાલ, સેન્ટર ઓફ એજ્યુકેશન,
ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર
Mo : 9979896321 Email:- khpathak@gmail.com

ભાષાશિક્ષણ વર્ગખંડ અધ્યયન–અધ્યાપનમાં પૂર્વપ્રાથમિક કક્ષાથી શરૂ કરી જ્યાં સુધી બાળક પુખ્ત વયની વ્યક્તિ બને ત્યાં સુધી વ્યક્તિના ઘડતરમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આ વાત આપણે સહુ ઔપચારીક કેળવણીના ભાગ રૂપે સતત શીખતા આવ્યા છીએ અને શિક્ષક તરીકે કાર્યરત હોઈશું ત્યાં સુધી સદૈવ આપણા સહુના જીવનમાં ભાષાશિક્ષકના કર્તૃત્વ ભાવ તરીકે વણાયેલું રહેશે. ભાષા અનૌપચારીક રીતે બાળકના ગર્ભ સંસ્કારથી લઈ પુખ્તતા અને જીવનના અંત સુધી સતત સંવર્ધિત થતી જ રહે છે અને આ સમયગાળા દરમ્યાન વ્યક્તિ સતત ભાષા અનૌપચારિક રીતે આત્મસાત કરતો જ રહે છે. આમ ભાષાનું શિક્ષણ અને તેનું આત્મસાતીકરણ સતત ચાલુ રહેતી દરેક વ્યક્તિમાં ચાલતી ચીરંજીવ પ્રક્રિયા છે. ભાષાનું પ્રગટીકરણ ફક્ત ઔપચારીક છે તેવુંએક શિક્ષક તરીકે માનવું ફક્ત એક ભ્રમ છે. જો શાળા જ ભાષા શીખવી શકાતી હોત તો જગતના એવા કેટલાય સાહિત્યકારો છે જેઓએ શાળાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું જ નથી.

હવે એક શિક્ષક તરીકે સ્વાભાવિક પ્રશ્ન થાય કે ભાષાનું શિક્ષણ ક્યાંથી મળે, તેનો એક સહજ પ્રત્યુત્તર છે કે મા, કુટુંબ, પાડોશ, સમાજ, વિગેરે. આ તમામ બાળકમાં પ્રારંભિક ભાષાનો સંચાર કરે છે અને શાળા એ ભાષાને સંવર્ધિત કરે છે. શિક્ષકનું પ્રાથમિક કાર્ય બાળકોમાં જન્મેલી ભાષામાંથી એ બાળકના જીવન કલેવરમાં વ્યક્તિત્વના નિખાર માટે જરૂરી ભાષા તરફ દોરી જવો. આ કાર્ય સરળ લાગે તે સ્વાભાવિક છે, પરંતુ સરળ તો નથી જ; કારણ કે આવી ભાષા કોઈ ઉત્તમ વ્યક્તિત્વ ધરાવતો શિક્ષક જ આપી શકે.

ભાષાનો શિક્ષક એક એવો શિક્ષક છે જે બાળકના હીર ને પારખી ભાષાના સંવર્ધન થકી, બાળકમાં રહેલા એવા ભાષાનાં ઉત્તમ તત્વોને નિખારવા કે જેથી બાળકના ઉમદા વ્યક્તિત્વનું નિર્માણ થાય. બાળકમાં કેળવાયેલા ભાષાના મુખ્ય ચાર કૌશલ્યો; શ્રવણ,કથન, વાચન અને લેખન, જ બાળકને અવિરત જ્ઞાનોપાર્જન સુધી દોરી જાય છે. ભાષાના વર્ગશિક્ષણમાં નાટ્યકળા અનૌપચારીકઅધ્યયન–અધ્યાપનનું સાધન છે. અત્રે પ્રસ્તુત નાટ્યકળાનો વર્ગશિક્ષણમાં અનુયોગ સહુ ભાષાના શિક્ષકોને અભિવૃદ્ધ કરશે.

**ભાષાશિક્ષણ:**

એકવીસમી સદીમાં ભાષાનું શિક્ષણ ખૂબ મહત્વ ધરાવે છે કારણ કે એકવીસમી સદી માહિતી પ્રૌદ્યોગિકીની સદી છે અને વૈશ્વિક જ્ઞાનના ફેલાવા માટે ભાષાનું શિક્ષણ અતિ મહત્વનું બની રહ્યું છે. અંગ્રેજી વૈશ્વિક ભાષા તરીકે પ્રસ્થાપિત થઇ ચુકી છે જ પરંતુ સામાન્ય બોલચાલની ભાષામાં પ્રાદેશિક બોલીઓ આજપર્યંત ઉપયોગમાં લેવાઈ રહી છે. ભલે વિશ્વ અન્ય અંગ્રેજી સિવાયની ભાષાઓને મૃતપાય થતી ભાષાઓની શ્રેણીમાં મુકાતી હોય તો પણ પ્રાદેશિક સંસ્કૃતિ તેની પોતાની ભાષા પર જ અવલંબિત છે. ભાષાનું શિક્ષણ અને તેમાં ખાસ કરીને પ્રથમ ભાષાનું શિક્ષણ અત્યંત નિકટતમ વાતાવરણમાંથી જન્મે છે અને અને જીવનપર્યંત ચાલુ રહે છે.

ભાષાશિક્ષણના ચાર અતિ મહત્વના પાયા છે અને તેની શરૂઆત અનુકરણથી થાય છે પરંતુ અનુકરણ પહેલાનું સોપાન છે અનુગ્રહણ; બાળક તેની શીશુવસ્થામાં સૌથી વધારે અવલોકન થકી અનુગ્રહણ કરે છે. બાળકની સંવેદના અનુગ્રહણની પ્રક્રિયામાં ધ્વનિનું અનુગ્રહણ પ્રાથમિક છે અને અનુગ્રહિત ધ્વનિનું પુનરૂત્પાદન બાળકની વાચિક ક્ષમતાઓ વિકસાવવાનું પ્રથમ પગથીયું છે. આમ, અવલોકન, અનુકરણ, અનુગ્રહણ અને અભિવ્યક્તિ ભાષાશિક્ષણના મહત્વના પાયા છે. આ ચારેય સોપાનો થકી બાળક વાચિક અભિવ્યક્તિ કરતુ થાય છે. વિશ્વમાં ભાષાના અનુયોગમાં સૌથી વધારે એટલે કે 95% જેટલો અનુયોગ વાચિક એટલે કે બોલચાલ છે. ભાષા કૌશલ્યોમાં વાચન અને લેખન દ્વિતીય છે એટલે કે બોલચાલની ભાષા વિકસ્યા પછીથી અનુગ્રહિત થતા કૌશલ્યો છે. આ બાબત એટલા માટે મહત્વની છે કે શ્રવણ અને કથન કૌશલ્યોના વિકાસ માટે કાન અને મુખ મહત્વના અંગો છે. આ બંને અંગોનું સંચરણ મનોશારીરિક છે અને તેમાં જ્ઞાનતંતુઓ મહત્વનો ભાગ ભજવે છે. ભાષાના અનુયોગ માટે જરૂરી સ્નાયવિક પ્રક્રિયાઓ માટે હેતુસરની ભાષા રમતોનું અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં હોવું ખૂબ જરૂરી છે અને તેના માટે મનોશારીરિક ક્ષેત્રના સોપાનોને કેન્દ્રમાં રાખી ભાષાશિક્ષણના હેતુઓ રચી શકાય.

ભાષાશિક્ષણનું બીજું મહત્વનું સોપાન ભાષામાં અભિવ્યક્તિનું છે અને બાળક ભાષાના અનુયોગમાં પ્રચૂર બને તે માટે રસદર્શન અને રસનિષ્પત્તિનું આગવું મહત્વ છે. ભાષા કૌશલ્યોમાં બોલચાલની તેમજ લેખનની ભાષા સમૃદ્ધ બને તે માટે ભાવાત્મક ક્ષેત્રના સોપાનો અનુસાર હેતુઓ રચાય તે ખૂબ જરૂરી હોય છે.

પ્રવર્તમાન ભાષાશિક્ષણમાં સૌથી વધુ ઝોક જ્ઞાનાત્મક ક્ષેત્ર પરત્વેનો જોવા મળે છે, પરંતું ફક્ત અને ફક્ત ભાષા વિષે જ માહિતી આપી વિદ્યાર્થીઓને ભાષા શીખવી શકાય તે સમજવું અને સમજાવવું ખૂબ કપરૂં છે.પ્રવર્તમાન ભાષાશિક્ષણના વર્ગખંડમાં પ્રયોજાતી મોટાભાગની અધ્યયન–અધ્યાપનની પદ્ધતિઓ જ્ઞાનાત્મક કે બોધાત્મક ક્ષેત્રના પાયાના

સિદ્ધાંતો પર જ અવલંબિત હોય છે. આવા સંજોગોમાં નાટ્યકળાનો અનુયોગ વર્ગશિક્ષણમાં કેવી રીતે કરી શકાય તે સમજતાં પૂર્વે નાટ્યકળાનો પરિચય મેળવી લઈએ.

**નાટ્યકળા**

નાટક એ સમાજમાં પ્રચલિત છે અને નાટકને મનોરંજનના સાધન તરીકે સદીઓથી સ્વીકારવામાં આવેલ છે. નાટકના કેન્દ્રમાં અભિનય છે અને અભિનય એ અભિવ્યક્તિ છે તે એક શિક્ષક તરીકે આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. ભરતમુની નાટકને રંગમંચના પ્રયોગ તરીકે લેખે છે અને એરીસ્ટોટલ નાટક અને તેમાં ખાસ કરીને કરૂણ નાટકોને માનવમાં ગ્રહિત દુર્ભાવોના નિહર્સન માટેનું સાધન લેખે છે. નાટક દ્દશ્ય અને શ્રાવ્ય છે અને તે વ્યક્તિની આંખ અને કાનને સ્પર્શે છે.

આ બધાથી પર એટલે કે નાટક જે કંઈ છે તે આપણા માટે એક કળા છે અને તેમાં અભિવ્યક્તિ મુખ્ય છે. નાટકમાં નાટ્યકાર જે કંઈક પ્રેક્ષકો સમક્ષ મૂકવા માંગે છે તેનું માધ્યમ નટ છે. નટ અભિનય દ્વારા વિવિધ ચરિત્રો રજૂ કરે છે અને પ્રેક્ષકો તેને ઝીલે છે. આ તમામ ચરિત્રો કંઈક ને કંઈક બોધ આપે છે અને તે બોધ થકી પ્રેક્ષકો સંદેશો ઝીલે છે. આમ નાટ્યકળાનો વિકાસ અનૌપચારિક અને સામાજિક નીતિ, મુલ્યો અને ચારિત્ર્યના નિર્માણનો છે. નાટક એક કળા તરીકે વિકસી એનું કારણ એ છે કે તે એક એવી કળા છે જેમાં બધી જ કળાઓનો સંગમ છે. કળાના સ્વરૂપોમાં રંગમંચ અને લલિત કળાઓનો સમાવેશ થાય છે. રંગમંચની કળાઓમાં નૃત, નાટ્ય અને સંગીત મુખ્ય છે જ્યારે લલિત કળાઓમાં ચિત્રકળા, શિલ્પકળા,જેવી તમામ કળાઓનો સમન્વય છે. આ તમામ કળાઓનો વિનિયોગ નાટ્યકળામાં જોવા મળે છે. નાટ્યકળા માટે એટલું જરૂર કહી શકાય કે: "...નાટ્યકળા એક એવી કળા છે કે જેમાં કોઈ કળા કે જ્ઞાન નિહિત ન હોય...". આમ નાટકનું વિષયવસ્તુ સમગ્ર સૃષ્ટિના અંશ સુધી પ્રસરેલું છે. આમ નાટકના કથાનકમાં પૃથ્વીથી ચંદ્ર અને તારા સુધી પ્રસરેલું છે. નાટકમાં નટ માટે આંગિક, વાચિક અને આહાર્ય અભિનય વિષે વાત કરવામાં આવેલ છે. આંગિક એટલે નટનું શરીર કે જે દ્વારા ચરિત્ર એટલે કે પાત્રની અભિવ્યક્તિ પ્રેક્ષક સમક્ષ કરવામાં આવેલ છે. વાચિક એટલે ચરિત્ર કે પાત્ર માટે જરૂરી સંવાદની અભિવ્યક્તિ અને તે ચરિત્ર કે પાત્રની પૂર્વભૂમિકા અને પશ્ચાદભૂ સૃષ્ટિના અનંત સુધી પ્રસરેલું છે. નાટક માટે ગીત, સંગીત અને પ્રેક્ષકોને અભીરૂપ દરેક કળાનો સમન્વય છે અને આ તમામ કથાને અનૂરૂપ ચરિત્ર કે પાત્રના ઉપલક્ષ્યમાં જ પ્રયોજાય છે.

આમ નાટક એ સામાજિક શિક્ષણના ભાગરૂપ સમાજમાં નીતિ અને મૂલ્યોના શિક્ષણ માટે જ છે જે નિર્વિવાદ છે. નટ માટે તેનું શરીર અને વાણી અભિન્ન છે, જો નટ તેના શરીરથી નિષ્પન્ન થતા હાવભાવ અને વાણીથી ભાવવાહી સંવાદ જ પ્રેક્ષકને સંમોહિત કરે છે. આ કળા શિક્ષકને વર્ગખંડમાં અભિવ્યક્તિ માટે અને વિદ્યાર્થીઓને અધ્યેતાલક્ષી અધ્યયનમાં અધ્યયન માટે કેવી રીતે મદદરૂપ બને છે.

**વર્ગખંડ અધ્યયન અને અધ્યાપન**

વર્ગખંડમાં શિક્ષક દ્વારા અધ્યાપન અને વિદ્યાર્થી અધ્યયન પ્રવૃત્ત બને છે. વર્ગખંડમાં શિક્ષક વર્ગખંડ સમક્ષ ઉપસ્થિત થઇ વિદ્યાર્થીઓ સમક્ષ અધ્યયનલક્ષી પ્રવૃત્તિઓમાં જોતરાય છે. આ તમામ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષક એક સૂત્રધાર તરીકે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના શરીર અને વાણીનો ઉપયોગ કરી અધ્યયનની વિષયવસ્તુ રજૂ કરે છે. આ વર્ગખંડમાં જો શિક્ષકને નટ તરીકે સરખાવવામાં આવે તો શિક્ષક વિષયવસ્તુ વિદ્યાર્થીઓ સમક્ષ અભિવ્યક્ત કરે છે અને વિદ્યાર્થીઓ શિક્ષકની અભિવ્યક્તિ ઝીલે છે એટલે કે વિદ્યાર્થીઓ સાંભળે છે અને શિક્ષકના હાવભાવ અને હલનચલન પણ નિહાળે છે. જો વર્ગખંડને એક નાના સરખા રંગમંચ સાથે સરખાવીએ તો શિક્ષક તેની વાચિક અને આંગિક અભિવ્યક્તિ દ્વારા વિદ્યાર્થીઓને વિષયવસ્તુ પહોંચાડે છે. રંગમંચ અને વર્ગખંડ વચ્ચેનો તાત્વિક ભેદ ફક્ત હેતુનો છે. અધ્યયન–અધ્યાપન હેતુલક્ષી પ્રક્રિયા છે જેમાં શિક્ષક દરેક વર્તન અધ્યાપનના હેતુસર પૂર્વનિર્ધારીત હોય છે અને તેથી જ તેમાં શીખવવાની વિષયવસ્તુ સુનિશ્ચિત હોય છે. શિક્ષક જો વર્ગખંડ અધ્યાપનમાં નાટ્યકળાની વિવિધ પ્રયુક્તિનો અનુયોગ કરે તો અધ્યયન–અધ્યાપન રસપ્રદ બને છે.

ભાષાનું અધ્યયન–અધ્યાપન સવિશેષ અભિવ્યક્તિને સમૃદ્ધ કરવા માટેનું શિક્ષણ છે. ભાષામાં પ્રચૂરતા અને ભાષામાં સમયોચિત અભિવ્યક્તિનું શિક્ષણ આપવા માટે શિક્ષકે પોતાના સામર્થ્યને સમૃદ્ધ કરવું ખૂબ જરૂરી છે. શિક્ષક વર્ગખંડમાં ભાષાના અધ્યાપનમાં વાર્તા, કાવ્ય, નાટક, નિબંધ, સંવાદ, લેખન, જેવા અનેક ભાષા સાહિત્યના એકમો શીખવે છે અને દરેક એકમો શીખવવા માટે નાટ્યકળા કેવી રીતે મદદરૂપ બને તે સમજવાનો પ્રયત્ન કરીએ.

**નાટ્યકળા અને વર્ગશિક્ષણ**

નાટ્યકળા ભાષાશિક્ષકને ફક્ત અને ફક્ત નાટક શીખવવામાં નહિ પરંતુ એક શિક્ષક તરીકે અધ્યયન–અધ્યાપન કળા વિકસાવવામાં પણ ખૂબ મદદરૂપ છે. આપણે અત્રે નાટ્યકળા શિક્ષકને ભાષાશિક્ષણ અને અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા બંનેમાં કેવી રીતે મદદરૂપ બની શકે તે ક્રમાનુસાર સમજવાનો પ્રયત્ન કરીશું.

**વર્ગખંડ અધ્યયન–અધ્યાપનના કૌશલ્ય તરીકે:**

- વર્ગખંડ અધ્યાપનમાં જરૂરી અધ્યાપનલક્ષી શિક્ષકના સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્યના ભાગરૂપ ઉત્તેજના પરિવર્તન કૌશલ્યને વિકસાવવામાં નાટ્યકળાની તાલીમ મદદરૂપ બને છે.
    - વર્ગખંડમાં હલનચલન,
    - વાણીમાં આરોહ–અવરોહ,
    - વર્ગવ્યવહાર સમયે સૂચક મૌન,

- વાચન વખતે વર્ગ સમક્ષ સમ્યક દૃષ્ટિ,
- ભાવવાહી વાચન,
- વર્ગમાં ચાલતી વખતે ગતિ,
- કથનની ગતિ,
- વર્ગની જરૂરીયાત મુજબનો ઉંચો અવાજ,
- સહાનૂભૂતિપૂર્વકનો ઉચિત વ્યવહાર, વિગેરે.

- વર્ગખંડ અધ્યાપન કૌશલ્યમાં અધ્યેતાલક્ષી અધ્યયન પદ્ધતિઓ જેવી કે નાટ્યીકારણ, રોલ–પ્લે અને સિમ્યુલેશનના અસરકારક અનુયોગ માટે,
- શિક્ષક પોતાના અવાજને જરૂરીયાત મુજબ ઘેરો કે સામાન્ય, અન્ય પશુ કે પક્ષીનો અવાજ કાઢી શકે તેની તાલીમ આપવા માટે,
- અભિનયગીતની રજૂઆત માટે,
- કાવ્યને યોગ્ય ઢાળમાં ગઈ કે પઠન કરી શકે તે માટે, નાટ્યકળાની તાલીમ સંપૂર્ણ શિક્ષક બનવા માટે ખૂબ મદદરૂપ બની શકે છે.

**નાટ્યકળા થકી ભાષાશિક્ષકની સજ્જતામાં થતી અભિવૃદ્ધિ:**

નાટક એક સાહિત્ય પ્રકાર છે અને તે ભાષાના માધુર્યને અભિભાવક સુધી પહોંચાડે છે. શિક્ષક જો એક નાટ્ય કલાકાર હોય તો તે ભાષાશિક્ષણને ઊંચાઈ સુધી લઇ જાય છે. ભાષામાં અભિવ્યક્ત ભાવો, સંવેદનાઓ, લાગણીઓ, ઊર્મીઓના વાહન માટે શિક્ષક ઉપરાંત એક સમૃદ્ધ અભિવ્યક્તિ ધરાવતા અભિભાવક હોવું ખૂબ જરૂરી છે. ભાષાનો શિક્ષક વિદ્યાર્થીઓને સંવેદનાના મર્મ સુધી દોરી જાય છે, વિદ્યાર્થીઓને જીવનના ઉન્નત માર્ગે લઈ જવા માટે ભાષા જ સંવેદનાનું માધ્યમ બની ચુક્યું છે કારણ કે ભાષા જ જીવનને સમૃદ્ધ બનાવે છે.

જો શિક્ષક ભાવાત્મક ક્ષેત્ર અનુસાર હેતુઓનું નિર્ધારણ કરે તો રસનિષ્પત્તિ અને રસદર્શનના પાયાના ખ્યાલોને ધ્યાનમાં રાખી ને જ અધ્યયન–અધ્યાપન પ્રક્રિયા વિચારવી પડે તેથી જ ભાષાશિક્ષણને રસપ્રદ, ભાવવાહી અને સાર્થક બનાવવું હશે તો નાટ્યકળાના મૂળભૂત પાયાના ખ્યાલોને ધ્યાનમાં રાખીશું તો જ શક્ય બની શકે.

નાટ્યકળાના આ પાયાના ખ્યાલો શિક્ષકને આધુનિક શિક્ષણમાં પ્રયોજાતા સૂચના અને પ્રોદ્યોગિકીના સંસાધનોના વિનિયોગમાં પણ ખૂબ મદદરૂપ બની શકે છે.

**ઉપસંહાર**

ભાષાશિક્ષણના ઉપલક્ષ્યમાં તેમજ સમગ્ર શિક્ષણમાં પ્રયોજાતી નવતર શિક્ષણની પ્રણાલીમાં જો આપણે આગળ વધવું હશે તો નાટ્યકળાના મૂળભૂત ખ્યાલોને આપણે સમજીશું તો વર્ગશિક્ષણ નિઃશંકપણે અસરકારક બનશે.